## સોનાના ભાવો ઓલટાઈમ હાઈ

# સોનાના ભાવ ૬૧ હજારને પાર







**સોનાએ ૧૦ વર્ષમાં ૧૦૦ ટકાથી વધુ વળતર આપ્યું**

| તારીખ | ૧૦ ગ્રામ દીઠ કિંમત |
|---|---|
| ૫ એપ્રિલ ૨૦૧૩ | ૨૯,૭૦૪ |
| ૫ એપ્રિલ ૨૦૧૪ | ૨૮,૨૪૬ |
| ૫ એપ્રિલ ૨૦૧૫ | ૨૬,૫૯૭ |
| ૫ એપ્રિલ ૨૦૧૬ | ૨૮,૬૫૫ |
| ૫ એપ્રિલ ૨૦૧૭ | ૨૮,૬૭૭ |
| ૫ એપ્રિલ ૨૦૧૮ | ૩૦,૩૫૦ |
| ૫ એપ્રિલ ૨૦૧૯ | ૩૧,૬૦૧ |
| ૫ એપ્રિલ ૨૦૨૦ | ૪૩,૭૧૨ |
| ૫ એપ્રિલ ૨૦૨૧ | ૪૫,૦૨૩ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | ૫૧,૪૦૧ |
| ૫ એપ્રિલ ૨૦૨૩ | ૬૦,૯૭૭ |

ગાંધીનગર, તા. ૫

સોનાએ નવો રેકોર્ડ બનાવ્યો છે. સોનુ ૫ એપ્રિલે ૬૧ હજારને પાર થઈ ગયુ છે. મંદીની શક્યતા અને ગ્લોબલ માર્કેટમાં આવી રહેલા ચઢાવ-ઉતારના કારણે સોનુ મોંઘુ થયુ છે. દુનિયાભરની બેંકોએ સોનુ ખરીદવાનુ ચાલુ કરતા સોનાના ભાવો ૬૧ હજારને પાર પહોંચી ગયા છે. મજબૂત વૈશ્વિક સંકેતો વચ્ચે બુધવારે દિલ્હી બુલિયન માર્કેટમાં સોનું રૂ. ૧,૦૨૫ વધીને રૂ. ૬૧,૦૮૦ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચ્યુ હતું. અગાઉના કારોબારમાં સોનું ૬૦,૦૫૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. ચાંદી પણ રૂ. ૧,૮૧૦ વધીને રૂ. ૭૩,૯૫૦ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી હતી. દિલ્હીના બજારોમાં સોનાની હાજર કિંમત રૂ. ૧,૦૨૫ના વધારા સાથે રૂ. ૬૧,૦૮૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી. વિદેશી બજારમાં સોનું અને ચાંદી અનુક્રમે ૨,૦૨૭ પ્રતિ ઔંસ અને ૨૪.૦૪ પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યા હતા. કોમેક્સ સોનાના ભાવ બુધવારે એશિયન ટ્રેડિંગ કલાકોમાં વધ્યા હતા અને માર્ચ ૨૦૨૨ થી ૧.૮૦ ટકાથી વધુ વધ્યા છે. વધુમાં યુએસ મેક્રો ડેટાને પગલે યુએસ ડૉલર ઈન્ડેક્સ અને બોન્ડ યીલ્ડમાં ઘટાડો થયો હતો, જેનાથી બુલિયનમાં તેજીનું સેન્ટિમેન્ટ વધ્યું હતું. હાજર બજારમાં મજબૂત માંગને કારણે સટોડિયાઓએ નવી પોઝિશન બનાવી, જેના કારણે બુધવારે વાયદાના વેપારમાં સોનાનો ભાવ રૂ. ૧૬૬ વધીને રૂ. ૬૧,૧૨૦ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ખાતે જૂન કોન્ટ્રેક્ટમાં સોનું રૂ. ૧૬૬ અથવા ૦.૨૭ ટકા વધીને રૂ. ૬૧,૧૨૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ૧૯,૨૮૬ લોટનો કારોબાર થયો હતો. નિષ્ણાંતોએ કહ્યું કે મજબૂત વૈશ્વિક વલણને અનુરૂપ વાયદા કારોબારમાં સોનાની કિંમતોમાં મજબૂતી આવી છે. વૈશ્વિક સ્તર પર ન્યૂયોર્કમાં સોનું ૦.૨૭ ટકાની તેજીની સાથે ૨,૦૪૩.૭૦ ડોલર પ્રતિ ઔંસ ચાલી રહ્યું હતું. ચાંદીના ભાવ બુધવારે વાયદાના વેપારમાં રૂ. ૧૨૮ વધીને રૂ. ૭૪,૭૪૬ કિલોગ્રામ પર પહોંચી ગયા હતા કારણ કે હાજર બજારમાં મજબૂત માંગ વચ્ચે વેપારીઓએ તેમના હોલ્ડિંગને વિસ્તૃત કર્યુ હતુ. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર, મેમાં ડિલિવરી માટે ચાંદીનો ભાવ ૦.૧૭ ટકા અથવા રૂ. ૧૨૮ વધીને રૂ. ૭૪,૭૪૬ પ્રતિ કિલોગ્રામ થયો હતો. જેમાં ૧૭,૧૦૩ લોટના કારોબાર થયો હતો. ચાંદીના ભાવમાં વધારો થવાનું મુખ્ય કારણ બજારમાં હકારાત્મક વલણ વચ્ચે વેપારીઓ દ્વારા નવી ખરીદી હતી. વૈશ્વિક સ્તરે, ન્યુયોર્કમાં ચાંદી ૦.૦૨ ટકા ઘટીને ૨૫.૧૦ ડોલર પ્રતિ ઔંસ રહી હતી.



સમાજની વિસંગતા પણ અજબ છે. ધોમ ધખતા તાપમાં પેટીયું રળતા શ્રમજીવીઓના બાળકોને જોઈ વિચાર અવશ્ય આવે . કુદરતના ખોળે આ બાળકોનું નિર્દોષ બાળપણ ક્યાં વીતી જાય ખબર પણ નથી પડતી . બસ થોડા સમયની પરંતુ આ જ નિર્દોષતા એ જ કુદરતની અમૂલ્ય ભેટ નહિ તો બીજું શું...?

# ગાંધીનગરમાં "સફળતાના શિલ્પી શ્રી હનુમાન" કથાનું આયોજન

**વિદ્વાન કથાકાર ભુપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીમાં તા.૮મી એપ્રિલથી શ્રી હનુમાન ચાલીસા કથા યોજાશે : કથામાં તા. ૧૧મી એપ્રિલે દ્વારકાથી શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ પધારશે**

ગાંધીનગર, તા. ૦૫

ગાંધીનગર શહેર રામભક્ત શ્રી હનુમાનજીની જયંતિ ઉજવવા થનગની રહ્યું છે. સૌ કોઈ હનુમાન જયંતિને અનુલક્ષીને સુંદરકાંડ કે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરી રહ્યાં છે. હનુમાન ચાલીસા હનુમાન ભક્તોને મોંઢે હોય છે પરંતુ તેની ચોપાઈઓનો અર્થ દરેક જાણતાં નથી હોતા. આ સમયે શ્રી હનુમાનજીની કૃપાથી ગાંધીનગરને આંગણે એક અનોખો અવસર આકાર લઈ રહ્યો છે. દરેકના વ્યવસાયિક, પારિવારિક તથા વૈયક્તિક જીવનમાં વિકાસ માટે પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થાય એ રીતે શ્રી હનુમાન ચાલીસાનું અર્થઘટન સુપ્રસિદ્ધ સંત અને જીવન પ્રબંધન વિદ્વાન ભુપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીમાં પ્રગટ થશે. ગાંધીનગરમાં આગામી તારીખ ૮થી ૧૨ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન દરરોજ સાંજે ૮ વાગે સેક્ટર-૧૭માં સેન્ટ્રલ વિસ્ટા પાસે રાજ્ય કેન્દ્રીય પુસ્તકાલય સામે વાઈબ્રન્ટ ગુજરાત પ્રદર્શન ગ્રાઉન્ડના ટાઉન હોલ પાર્ક ખાતે "સફળતાના શિલ્પી શ્રી હનુમાન" કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

"હનુમાન ચાલીસા એ માત્ર ચોપાઈઓ નથી પરંતુ એક આખો ગ્રંથ છે" તેવું જણાવતાં હનુમાન કથાના આયોજક સંજયભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે "આ કથા દરમ્યાન તા.૧૧મી એપ્રિલના રોજ દ્વારકા ખાતેની પશ્ચિમામ્નાય શ્રી શારદાપીઠના જગદગુરુ



શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે." આ સાથે પત્રકારોને માહિતી આપતા ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણી નરેન્દ્ર મંડિરે જણાવ્યું હતું કે "કથાકાર ભુપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીમાં આયોજિત આ હનુમાન કથામાં નિરાશા અને નકારાત્મકતા ખંખેરીને જીવનને ઓજસ્વી, ઊર્ધ્વગામી, ઉર્જાવાન અને સફળ બનાવવાના આ ઉત્સવમાં સહભાગી થવા માટે તમામ શહેરીજનોને પરિવાર, સ્વજનો અને મિત્રો સહિત પધારવા જાહેર ભાવભર્યુ આમંત્રણ આયોજકો દ્વારા પાઠવવામાં આવ્યું છે." અત્રે ઉલ્લેખનીય છે કે આ હનુમાન કથાના મુખ્ય આયોજક રાંધેજાના સ્વ. ગિરીશચંદ્ર ચીમનલાલ ત્રિવેદી મરજાદી પરિવારના ગં. સ્વ. ભાવનાબેન ગિરીશચંદ્ર ત્રિવેદી, સંજયભાઈ ગીરીશચંદ્ર ત્રિવેદી, જલ્પાબેન સંજયભાઈ ત્રિવેદી અને ધ્રુવ સંજયભાઈ ત્રિવેદી છે.

# સરકારી નોકરીની ભર્તીમાં ડમી ઉમેદવારોના કૌભાંડ આચરાયાનો યુવરાજનો આક્ષેપ

**યુવરાજસિંહે ૧૧ ડમી કોલ લેટરનો પર્દાફાશ કર્યો : આવનારા દિવસોમાં વધુ ઉમેદવારો અને એજન્ટોના નામ પણ જાહેર કરવાની જાહેરાતથી ચકચાર**

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગરમાં ફરી એકવાર આજે યુવા નેતા યુવરાજસિંહે જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાય તે પહેલાં જ મોટો ધડાકો કરતાં ૧૧ ડમી કોલ લેટરનો પર્દાફાશ કર્યો હતો. આ સાથે તેમણે આ પ્રકારના આશરે ૫૦થી વધારે ડમી કોલ લેટર બનાવવામાં આવ્યા હોવાનું પણ જણાવ્યું હતું તેમજ આવનારા દિવસોમાં બોર્ડના ચેરમેનને વધુ ઉમેદવારોના નામ અને એજન્ટોના નામ પણ જાહેર કરવામાં આવશે તેવું કહ્યું હતું. આ સાથે તેમણે આ બાબતે જો સઘન તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

યુવરાજસિંહ દ્વારા આક્ષેપ કરાયો હતો કે બોર્ડની પરીક્ષાઓમાં પણ ડમી ઉમેદવારો ગોઠવાઈ જાય છે, અનેક પૂરાવા આપ્યા હોવા છતાં તપાસ થતી નથી. વર્ષ ૨૦૧૬માં લેવાયેલી તલાટીની પરીક્ષામાં પણ મોટાપાયે ગેરરીતિ આચરાઈ હતી. અમે નજીકના દિવસોમાં આ કૌભાંડમાં સંડોવાયેલા એજન્ટોના નામ પણ જાહેર કરીશું. આજે ગાંધીનગર ખાતે પત્રકારો સાથે વાત કરતાં યુવરાજસિંહે જણાવ્યું હતું કે "રાજ્યમાં કોઈ ઉમેદવાર નકલી PSI બની પોલીસ ટ્રેનિંગ સેન્ટર સુધી પહોચી જાય કે કોઈ અધિકારી મુખ્યમંત્રીનું વિમાન લઈને જતો રહે અથવા કોઈ ઠગ PMO ઓફિસર બનીને Z સિક્યોરિટી સાથે રોલા પાડે તેવી ઘટનાઓના મૂળમાં એક વિશેષ કૌભાંડ હોઈ શકે છે. વર્તમાનમાં સ્પર્ધાત્મક પરીક્ષા / બોર્ડ પરીક્ષા હોય કે અન્ય કોઈપણ પરીક્ષા ગેરરીતિની અલગ અલગ રીત સામે આવે છે. આ વખતે મોડસ કૌંભાંડીઓ દ્વારા અપનાવાયેલી નવી ઓપરેન્ડી "ડમી ઉમેદવાર"ની છે જેમાં નકલી માર્કશીટ, નકલી પ્રમાણપત્ર, નકલી ઉમેદવારના ઉપયોગથી ખૂબ મોટા પ્રમાણમાં ગેરરીતિ આચરવામાં આવી રહી છે. બોર્ડની પરીક્ષા હોય કે સ્પર્ધાત્મક પરીક્ષા અમુક વિસ્તારના ઉમેદવારો ડમી ઉમેદવારો અને ખોટી માર્કશીટ બનાવી નોકરી મેળવી રહ્યાં લાગ્યા હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

ભાવનગરના તળાજા પંથક અને શિહોર પંથકના ગામડાઓ જેવા કે પિપરલા, દિહોર, સથરા, ટીમાણા, દેવગણા, અગિયાળી. છેલ્લા ૧૫ દિવસોમા અમે એક એક ગામડામાં જઈને તમામ માહિતી ભેગી પણ કરી છે અને અલગ અલગ માધ્યમો સાથે ક્રોસ વેરીફાઈ પણ કરેલ છે. આ પ્રકારે ગેરરીતિ આચરનારા અનેક લોકો અલગ અલગ વિભાગ જેવા કે MPHW, વિદ્યાસહાયક, તલાટી, બિન સચિવાલય, ફોરેસ્ટ, વગેરેમાં નોકરી કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે જે એજન્ટો છે તે કોઈને કોઈ પ્રાઈવેટ કોચિંગ સંસ્થા સાથે પણ જોડાયેલ જોવા મળે છે. ભાવનગર, સુરેન્દ્રનગર કે ગાંધીનગરમાં ચાલતી પ્રાઈવેટ સંસ્થા આ પ્રકારના ગેરકાયદેસર કૃત્યમાં અગ્રેસર જોવા મળે છે. ફ્રોડ માર્કશીટના કૌભાંડોના માધ્યમથી પોસ્ટ ઓફિસોમાં ટપાલી જેવી નોકરીમાં ખોટી રીતે ઘૂસ મારવી (ધોરણ-૧૦ની પરીક્ષામાં ઊંચી ટકાવારી દેખાડી નોકરી મેળવવી). જે વ્યક્તિ શારીરિક ખોડખાપણ ધરાવતો ન હોઈ તેવા વ્યક્તિઓના PHના સર્ટિ કાઢી નોકરીમાં લાભ પોહચડવાનું કાવતરું ચાલે છે. અને અગણિત લોકો આ રીતે ખોટા સર્ટિ રજૂ કરી વિદ્યાસહાયક, MPHW જેવી નોકરી વર્તમાનમાં પણ કરી રહ્યા છે.

### યુવરાજસિંહે જાહેર કરેલી ડમી ઉમેદવારની યાદી

૧. ભાવેશભાઈ રમેશભાઈ જેઠવાની જગ્યાએ પરીક્ષા આપનાર મીલન ઘૂઘાભાઈ (પશુધન નિરીક્ષક, વર્ગ-૩, ૨૦૨૧-૨૨)
૨. કવિતકુમાર નીતિનભાઈ રાવની જગ્યાએ પરીક્ષા આપનાર મીલન ઘૂઘાભાઈ (Laboratory Technician 2021-22)
૩. અંકિત નરેન્દ્રભાઈ લકુમની જગ્યાએ પરીક્ષા આપનાર વિમલ (ગ્રામસેવક, વર્ગ-૩, ૨૦૨૧-૨૨)
૪. જયદીપભાઈ વાલજીભાઈ રમણાની જગ્યાએ પરીક્ષા આપનાર કલ્પેશ પંડ્યા (ગ્રામસેવક, વર્ગ-૩, ૨૦૨૧-૨૨)



વારંવાર પડી રહેલા કમોસમી વરસાદ બાદ કેરીની આશા સૌએ મુકી દીધી હતી પરંતુ આખરે કેરીની પેટીઓ જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રની કેસર કેરીનો પહેલો ફાલ હવે ગાંધીનગર સુધી પહોંચી ગયો છે. જો કે હમણાં ભાવો ઘણા ઉંચા છે. પરંતુ થોડાક દિવસો બાદ ભાવો કાબુમાં આવશે તેવી સ્વાદરસિકોને આશા છે.

# ગાંધીનગર ખાતે પ્રજાપતિ સમાજની બાઈક રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૦૫

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ વડોદરા દ્વારા સમર્ગ ગુજરાતના જિલ્લા મથકોએ ભવ્ય બાઈક મહારેલી કાઢી પ્રજાપતિ સમાજમાં જાગૃતિ ફેલાવી સમાજના દીકરા દીકરીઓ IAS, IPS GAS, વર્ગ 1&2 અધિકારી બને તેમને સહાયરૂપ થઈ વર્ષે પ્રજાપતિ સમાજના ૪૦૦-૫૦૦ યુવાનોને સરકારી સેવામાં ઉમેરવાનું લક્ષ્ય રખાયું છે.

સમાજને ઉન્નત બનાવવાના આ લક્ષ્યની સિદ્ધિ માટે ગાંધીનગર શહેરમાં તા. ૦૬-૦૪-૨૦૨૩ ગુરુવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સેન્ટ્લ વિસ્ટાથી કલેક્ટર ઓફિસ કચરી સુધી બાઈક રેલી સ્વરૂપે જઈને આવેદન આપવાનું આયોજન કરાયું છે.

પ્રજાપતિ સમાજ માટે શૈક્ષણિક ભવન ગાંધીનગરમાં બને તે માટે જમીનની ફાળવણી માંગણી પડતર છે તેને પુનઃ યાદ કરાવવા આ રેલીનું આયોજન કરાયું છે જેમાં અંદાજિત ૨૦૦ જેટલાં બાઈકસવારો જોડાશે. બાઈક રેલીમાં જોડાનારને અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘની કેપ, ટી શર્ટ, પ્રોત્સાહન ભેટ આપી ઉત્સાહમાં વધારો કરવામાં આવશે.

આ દિવસે અદના સંઘ આદ્યસ્થાપક પ્રમુખ સેવક દલસુખભાઈ પ્રજાપતિનો જન્મ દિવસ હોઈ તેમના તરફથી અલ્પાહાર આપવામાં આવશે. સૌ પ્રજાપતિ ભાઈ બહેનો સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા હાજર રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરની બાઈક રેલીમાં જોડાવા માટે નામ નોંધાવવા મેહુલ પ્રજાપતિના મો.નં. ૯૪૨૬૩ ૧૦૩૯૬ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

# જીઈબી કોલોની ખાતે નિશુલ્ક યોગ વર્ગ



ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિત સ્થળે સ્થળે, દરેક સેકટરના બગીચામાં, સ્કૂલોમાં યોગ વર્ગો શરૂ કરાયા છે. જેમાં જીઈબી કોલોની, ન્યુ પાર્ટી પ્લોટ ગાંધીનગર ખાતે પણ યોગ ટ્રેનર મનીષાબેન પરમાર દ્વારા નિયમિત અને નિઃશુલ્ક સવારે ૭:૩૦ વાગ્યાં થી ૮:૩૦ વાગ્યાં સુધી દરરોજ આસનો, તેના ફાયદા, રોગાનુસાર આસન, મહિલાઓને સ્ટેજ પરનો ડર દૂર કરવાના પ્રયત્નો, વક્તૃત્વ સ્પર્ધામાં ઈનામ આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ૫૧ સૂર્યનમસ્કાર, ગણેશઉત્સવ, નવરાત્રી, એરોબિક, દરેક ઉત્સવોની ઉજવણી કરાવવામાં આવે છે. સાંજની ૪:૩૦ થી ૫:૩૦ની બેચ પણ ટૂંક સમયમાં તેજ સ્થળે કરવામાં આવશે તો સર્વે GEB કોલોની તેમજ આસપાસ રહેતા રહેવાસીઓને વર્ગનો લાભ લેવા જણાવાયું છે.

# મહુડી નજીક ગુજરાત સમર્પણ આશ્રમ ખાતે નિઃશુલ્ક ધ્યાનયોગ દર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૦૫

આજના વિચારોના પ્રદૂષણમાં આપણે આત્મશાંતિ ક્યાંક ગુમાવી ચૂક્યા છીએ. વર્તમાન સમયના તનાવપૂર્ણ જીવનમાં આપણા જીવનને સંતુલિત કરવા ધ્યાનયોગ એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

આધ્યાત્મિક ઉન્નતિ અને સર્વાંગીણ ઉન્નતિના શુદ્ધથી મહુડી અનોડિયા રોડ પર ગુજરાત સમર્પણ આશ્રમ ખાતે પરમ પૂજ્ય સદગુરૂ શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં વિશાળ જન સામુહિકતામાં હિમાલય ધ્યાનયોગ દર્શન શિબિરનું આયોજન થયું છે. એવું



કહેવાય છે કે એક વ્યક્તિ એક લાખ લોકો સાથે એક દિવસ ધ્યાન કરે અને એક વ્યક્તિ એક લાખ દિવસ ધ્યાન કરે તો તે સમાન છે, તો હજારો લોકોની પવિત્ર ધ્યાની સામુહિકતામાં સામુહિક ધ્યાન દર્શન શિબિરનો આ અવસર ચૂકવા જેવો નથી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧